Decora™
Agri Genetics

# સોયાબીન બીજ



# સોયાબીન પાકની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ

## જમીનની તૈયારી :

- સોયાબીન પાક વિવિધ પ્રકારની જમીનમાં વાવી શકાય. સારા નીતરવાળી, ઉંચા સેન્દ્રીય તત્વો ધરાવતી જમીનમાં ખૂબ જ સારા પ્રમાણમાં થાય. પાકના ઉગાવા માટે એક સરખી ભરભરી જમીન જરૂરી છે. એક ઉંડી ખેડ અને કરબની બે ખેડ કરી જમીન સમતળ કરી તૈયાર કરવી.

## જાતોની પસંદગી :

- કેડીએસ-૭૨૬(ફૂલે સંગમ), સમ્રાટ, જેએસ-૩૩૫.

Decora
Agri Genetics

## ખાતર વ્યવસ્થાપન :

- જમીન તૈયાર કરતી વખતે હેકટરે ૧૦ ટન સારૂ કોહવાયેલું છાણીયું ખાતર આપવું. હેકટરે ૩૦.૦ કિ.ગ્રા. નાઈટ્રોજન અને ૬૦ કિ.ગ્રા. ફોસ્ફરસ પાયાના ખાતર તરીકે આપવું.

## વાવેતર સમય :

- સોયાબીનનું વાવેતર વાવણી લાયક વરસાદ થયે જૂન-જુલાઈ માસમાં કરવામાં આવે છે. વાવેતર અંતર : સોયાબીનનું બે હાર વચ્ચે ૪૫ સેમી. અને બે છોડ વચ્ચે ૧૦ સે.મી. અંતર રાખવું. બિયારણનો દર : સોયાબીનનો એકલો પાક લેવાનો હોય ત્યારે હેક્ટરે બીજનો દર ૫૦ કિ.ગ્રા. રાખી વાવેતર કરવું જ્યારે આંતર પાક માટે ૩૦ કિલોગ્રામ દરની ભલામણ છે.

Decora Agri Genetics

## બીજ માવજત :

- ભલામણ મુજબ ફુગનાશક દવાનો બીજને પટ આપવો.

## પિયત વ્યવસ્થાપન :

- સોયાબીન પાકની કટોકટીની અવસ્થાઓ જેવી કે ફૂલ આવવા, શીંગો બેસવી અને શીંગોમાં દાણાનાં વિકાસની આવસ્થાયે જો વરસાદની અછત હોય તો જીવન રક્ષક પિયત આપવું.

## નિંદામણ અને આંતરખેડ :

- સોયાબીનના જરૂરિયાત મુજબ બે થી ત્રણ અંતરખેડ તેમજ બે વખત હાથથી નિંદામણ કરી પાકને શરૂઆતના તબક્કામાં નિંદામણમુક્ત રાખવો.

Decora
Agri Genetics

# પાક સંરક્ષણ :

## સોયાબીનમાં આવતા મૂખ્ય રોગો અને તેનું નિયંત્રણ

**૧. ફાયટોપ્પોરા થી થતો મૂળનો કોહવારો :** રોગની શરૂઆત થયે ભલામણ મુજબની દવાઓનો છંટકાવ કરવો.

**૨. મૂળનો કોહવારો :**
બીજને વાવતા પહેલાં ભલામણ મુજબ બીજ માવજત આપીને વાવેતર કરવું.
ટ્રાઈકોડરમા હર્જીયાનમ અથવા ટ્રાઈકોડરમા વિરીડી ભલામણ મુજબ દેશી ખાતર સાથે ભેળવી જમીનમાં વાવતી વખતે ચાસમાં આપવું.

**3. મોઝેઈક વાઇરસ :** સમયાંતરે ખેતર માંથી રોગીસ્ટ્ છોડ ઉપાડી તેનો નાશ કરવો. પાકનો ફેરબદલી અપનાવવી. આ રોગ ચુસીયા પ્રકારની વાતોથી ફેલાતો હોય તેનું નિયંત્રણ કરવું.

**૪. ભુકીછારો :** રોગની શરૂઆત થયે ભલામણ મુજબની દવાઓનો છંટકાવ કરવો.

## સોયાબીનમાં આવતી મુખ્ય જીવાત અને તેનું નિયંત્રણ

**૧. લશ્કરી ઈયળ :** પ્રકાશ પિંજર નો ઉપયોગ કરવો. મોજણી માટે હેક્ટર દીઠ ૫-૭ ફેરોમોન ટ્રેપ ગોઠવવા અને જરૂર જણાયે સામુહિક નિયંત્રણ માટે ૩૫-૪૦ ફેરોમોન ટ્રેપ પ્રતિ હેક્ટર ગોઠવવા અને તેમાં પકડાતા નર ફુદાનો નાશ કરવો. જરૂર જણાયે ભલામણ મુજબ રાસાયણિક દવાનો ઉપયોગ કરવો.

**૨. ગર્ડલ બીટલ અને પાનકથીરી:** જરૂર જણાયે ભલામણ મુજબ રાસાયણિક દવાનો ઉપયોગ કરવો.

Decora
Agri Genetics

# કાપણી :

- સોયાબીન પાકમાં કાપણી ખુબ જ અગત્યનું ખેતીકાર્ય છે. જો પાકની વહેલી કાપણી કરવામાં આવે તો દાણા લીલા રંગનાં રહેવાની શકયાતાં રહે છે અને ઉત્પાદન પણ ઘટે છે. જો મોડી કાપણી કરવામાં આવે તો શીંગો ફાટી જઈ દાણાં ખરી પડવાને લીધે ઉત્પાદન ઘટે છે. જેથી કાપણી યોગ્ય સમયે થવી ખુબ જ જરૂરી છે. છોડ પરનાં પાન પીળા પડી ખરવા માંડે તથા શીંગો પીળા રંગની થવા માંડે કે તુરત પાકને દાંતરડાથી વાઢી ખળામાં લાવી સુકવવો જેથી શીંગો ફાટી જવાથી થતુ નુકશાન નિવારી શકાય. છોડ અને શીંગો સુકાયા બાદ થ્રેસર કે ટ્રેકટરથી મસળી દાણા છુટા પાડવા. દાણા સાફ કરી તેમાં ૮ થી ૧૦ % ભેજ રહે ત્યાં સુધી સુકવ્યા બાદ ભેજ ન લાગે તેવી જગ્યાએ સંગ્રહ કરવો.

Decora Agri Genetics

# સોયાબીનની જાતોના ગુણધર્મો :

| ક્રમ | જાત ગુણધર્મો | સમ્રાટ | જેએસ-335 | KDS-726 |
|---|---|---|---|---|
| ૧ | બહાર પાડ્યાનું વર્ષ | ૨૦૨૨ | ૧૯૯૪ | ૨૦૧૯ |
| ૨ | પાકવાના દિવસો | ૧૦૫ થી ૧૧૦ | ૯૦ થી ૯૫ | ૧૦૫ થી ૧૧૦ |
| ૩ | છોડની ઉંચાઇ (સે.મી.) | ૫૦ થી ૫૫ | ૪૦ થી ૪૫ | ૫૦ થી ૫૫ |
| ૪ | છોડમાં શીંગોની સંખ્યા | ૫૫ થી ૬૦ | ૪૫ થી ૫૦ | ૭૦ થી ૮૦ |
| ૫ | ૧૦૦ દાણાનું વજન (ગ્રામ) | ૧૦.૫૦ | ૯.૮૦ | ૧૧.૨૦ |
| ૬ | દાણાનો રંગ | પીળાશ પડતો ભુખરો | પીળાશ પડતો ભુખરો | પીળાશ પડતો ભુખરો |
| ૭ | ઉત્પાદન (કિ.ગ્રા/હે.) | ૧૮૫૦ થી ૨૦૦૦ | ૧૫૦૦ થી ૧૮૦૦ | ૩૦૦૦ થી ૩૫૦૦ |

Decora Agri Genetics

# ખાસ અગત્યનું:

સદર માહિતી (Agronomic Package of Practices) સામાન્ય પરિસ્થતિ ને આધારે રજુ કરેલ છે, સદર માહિતી ને સંલગ્ન પરિણામ માં જમીન ની ફળદ્રુપતા - આબોહવા અને સ્થાનિક પરિસ્થિતી ને અનુસાર ફેરફાર થવાની શક્યતા છે, સદર માહિતી અમારા તરફ થી હકારાત્મક અભિગમ માં ફક્ત આપની જાણ માટે છે અમો તમોને આ મુજબ અનુકૂલન કરવા કોઈ પણ રીતે ફરજિયાતપણે પ્રેરિત કરતા નથી.



Decora™

Agri Genetics

## DECORA AGRI GENETICS


Plot No.4, Survey No.252/P1, Khodiyar Plot, Junagadh-Dhoraji Highway, At. : Makhiyala,
Ta. & Dist. : Junagadh. (Guj.) India-362011 + 91 9904871037
decoraagrigenetics@gmail.com www.decoraagrigenetics.com


